પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૮ | ૯ ફેબ્રુઆરી, ૨૦૧૯, શનિવાર; મહા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કાશ્મીરમાં અવિરત હિમવર્ષા

## કાશ્મીર સહિત ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ હિમવર્ષાથી ચારેબાજુ બરફની ચાદર છવાઈ : રાજમાર્ગો ઉપર મુસાફરીના વાહન સહિત ટ્રકોની લાંબી લાઈન : જનજીવન ખોરવાયું : ઉત્તર ભારત ઠંડુગાર થયું

નવી દિલ્હી,તા. ૮

હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષા જારી રહી છે જેના કારણે એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં એક બાજુ હિમવર્ષાની મજા માણવામાં આવી રહી છે પરંતુ રાજમાર્ગો ઉપર યાત્રી વાહનો અને ટ્રકોની લાંબી લાઈનો લાગી ગઈ છે. કારણ કે, ભારે હિમવર્ષાના કારણે જમ્મુ કાશ્મીરના મુખ્ય માર્ગોને બંધ કરવાની ફરજ પડી છે. ચારેબાજુ બરફ નજરે પડે છે. વાહનો જ્યાં રોકાયા છે ત્યાં જ જીવન અટવાઈ પડ્યું છે. બરફને દૂર કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્રણેય રાજ્યોમાં ભારે હિમવર્ષાના કારણે ઠંડીનું મોજુ ફરી વળ્યું છે.





જનજીવન ઉપર પણ પ્રતિકુળ અસર થઈ છે. પાણીના સ્ત્રોત બરફમાં ફેરવાઈ ગયા છે. ગઈકાલે દ્રાસમાં તાપમાન માઈનસ ૨૪ સુધી પહોંચી ગયું છે. જમ્મુ કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં છે. બીજી બાજુ હિમાચલ અને ઉત્તારાખંડના વિસ્તારોમાં પણ આવી જ હાલત બનેલી છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો એકબાજુ પરેશાન થયેલા છે. બીજી બાજુ ધુમ્મસના કારણે અનેક ભાગોમાં અકસ્માતો પણ થયા છે. ટ્રેન અને વિમાની સેવાને પ્રતિકુળ અસર થઈ છે. હવામાનમાં દેશના અનેક ભાગોમાં અસામાન્ય ફેરફારો થઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં પણ કાતિલ ઠંડી : ડીસામા ૬.૪ ડિગ્રી

## રાજ્યના અનેક ભાગોમાં પારો ૬થી ૮ ડિગ્રી થઇ ગયો : ગાંધીનગરમાં ૮.૫ : અમદાવાદમાં ૯.૪ : કોલ્ડવેવની ચેતવણી

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં ફરી એકવાર કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જનજીવન ઉપર પણ માઠી અસર થઈ છે. જોરદાર ઠંડા પવનોથી લોકો ફરી એકવાર ગરમ વસ્ત્રોમાં આવી ગયા છે. સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાત માટે કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવતા આગામી બે દિવસ દરમિયાન કાતિલ ઠંડીથી કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. લઘુત્તમ તાપમાનમાં જોરદાર ઘટાડો નોંધાઈ ગયો છે. આજે અમદાવાદમાં પણ પારો ગગડીને ૧૦થી નીચે પહોંચ્યો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો આજે ૧૦થી નીચે પહોંચી ગયો હતો. ડિસા ઠંડુગાર બની ગયું હતું. ડિસામાં પારો ગગડીને ૬.૪ ડિગ્રી થયો હતો જ્યારે નલિયામાં ૭.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગાંધીનગરમાં ૮.૫ અને અમદાવાદમાં ૯.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારો કોલ્ડવેવના સકંજામાં આવી ગયા છે. આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં હજુ ઘટાડો થઈ શકે છે. ઉત્તર પશ્ચિમ પવનો નિચલી સપાટી ઉપર ફુંકાઈ રહ્યા છે. અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, વડોદરા, સુરત, સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ, અમરેલીમાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે.

### રાજ્યમાં ક્યાં - કેટલું તાપમાન

| | |
|---|---|
| ડિસા | ૬.૪ |
| નલિયા | ૭.૪ |
| ગાંધીનગર | ૮.૫ |
| કંડલા એરપોર્ટ | ૯ |
| અમદાવાદ | ૯.૪ |
| મહુવા | ૯.૯ |
| રાજકોટ | ૧૦ |

## ન્યુઝ ટ્રેક

### ગુર્જર અનામત આંદોલન ફરી શરૂ

ફરી એકવાર રાજસ્થાન સરકાર વિરૂદ્ધ ગુર્જર આંદોલન શરૂ થયુ છે. ગુર્જર સમુદાયના લોકો આરક્ષણની માંગને લઈ સવાઈ માધોપુર પાસે ટ્રેક પર બેસી ગયા છે. જેના કારણે દિલ્હી-મુંબઈ રેલ ટ્રેક પર ટ્રેનો રોકાઈ ગઈ છે.

### યુપી અને ઉત્તરાખંડમાં લઠ્ઠાકાંડ

યુપી અને ઉત્તરાખંડમાં જેરી દારૂના કારણે હાહાકાર મચી ગયો છે. લઠ્ઠાકાંડના કારણે ૪૬ લોકોના અત્યાર સુધી મૃત્યુ થયા છે. જ્યારે ઘણાની હાલત ગંભીર બનતા તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

### કેજરીવાલ પર પુનઃ હુમલો

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના કાફલા પર પુનઃ હુમલો થયો છે. કેટલાક લોકોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. જોકે કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

### મિસાઈલ 'હેલીના'નુ સફળ પરિક્ષણ

ભારતે પોતાની સૌથી અત્યાધુનિક ટેન્ક વિરોધી મિસાઈલ 'હેલીના'નુ સફળ પરિક્ષણ કર્યુ છે. આ મિસાઈલને હેલીકોપ્ટરથી પ્રહાર કરી શકાય છે. ઓડિશાના દરિયાકાંઠે તેનુ સફળ પરીક્ષણ કરાયુ હતુ.

### હરિયાણામાં ભૂકંપના આંચકા

હરિયાણામાં ભૂકંપના આંચકાઓ અનુભવાયા છે. તેની તીવ્રતા ૩.૯ રહી છે. તેનુ કેન્દ્ર હરિયાણાનુ મહેન્દ્રગઢ હોવાનુ કહેવાઈ રહ્યુ છે. જોકે જાનમાલના નુકશાનના કોઈ સમાચાર મળ્યા નથી.

### વર્ષ ૨૦૧૮ ધરતીનું સૌથી ગરમ વર્ષ રહ્યું

વૈશ્વિક તાપમાનને જ્યારથી રેકોર્ડ કરવામાં આવી રહ્યું છે ત્યારથી ૨૦૧૮માં ધરતીનું વૈશ્વિક સપાટી તાપમાન ચોથુ સૌથી ગરમ તાપમાન રહ્યું. નાસા અને નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના વિશ્લેષણોમાં આ માહિતી સામે આવી છે.

# મૂર્તિઓ પર ખર્ચની રકમ પરત કરવા માયાવતીને સુપ્રીમનો આદેશ

## હાથીની પ્રતિમા પાછળ ૫૯૦૦ કરોડનો ખર્ચ થયો હતો : પોતાના શાસનકાળમાં માયાવતીએ પોતાની લોકપ્રિયતા માટે કેટલીક મૂર્તિઓ બનાવી હતી : સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

નવી દિલ્હી, તા. ૮

સુપ્રીમ કોર્ટે બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીને આજે મોટો ફટકો આપ્યો હતો. કોર્ટે તેમના મુખ્યમંત્રી પદના ગાળા દરમિયાન બનાવવામાં આવેલા સ્મારકો અને મૂર્તિઓના પૈસા પરત કરવાનો આજે આદેશ કર્યો હતો. મૂર્તિ પર ખર્ચ કરવામાં આવેલા જનતાના પૈસાને પરત આપવા માયાવતીને આજે આદેશ કરવામાં આવ્યો હતો. ૨૦૦૯માં દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વેળા ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ દિપક ગુપ્તા અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેંચે આ મુજબનો આદેશ કર્યો હતો.



મામલાની સુનાવણી હવે બીજી એપ્રિલના દિવસે હાથ ધરવામાં આવશે. માયાવતીના વકીલે મામલાની સુનાવણી મે મહિના બાદ કરવા અપીલ કરી હતી પરંતુ કોર્ટે આ અપીલને સ્વીકારી ન હતી. મૂર્તિઓ ઉપર પ્રજાના પૈસા ખર્ચ કરવાને લઈને સુપ્રીમ કોર્ટે લાલઆંખ કરી હતી. ૨૦૦૯માં આ મામલામાં અરજી દાખલ કરવામાં આવી હતી. આશરે ૧૦ વર્ષ જૂની અરજી ઉપર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો હતો કે, સૌથી પહેલા તો બહુજન સમાજ પાર્ટીના વડાને મૂર્તિ પર કરવૌમાં આવેલા ખર્ચને લોકોને પરત આપવા પડશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ કહ્યું હતું કે, આ મામલાની આગામી સુનાવણી બીજી એપ્રિલના દિવસે હાથ ધરવામાં આવશે.

# હવે પીએમ કિસાન પોર્ટલ પર ખેડુત નામ જોઈ શકશે

## લાભાર્થીઓને વહેલી તકે સહાયતા મળી જશે : ક્યાં ખેડુત યોજના હદમાં આવશે અને ક્યાં નહીં તે અંગે માહિતી મળી જશે : વિવિધ એજન્સીની ભૂમિકાનો ઉલ્લેખ

નવી દિલ્હી,તા. ૮

રાજ્યો પાસેથી પીએમ કિસાન યોજનાના લાભાર્થીઓની યાદી ૧૫ દિવસમાં મળી જશે તેવી ખાતરી મળી ગયા બાદ કેન્દ્ર સરકાર દ્વારા હવે એક પોર્ટલની શરૂઆત કરી દીધી છે. આ પોર્ટલ પર તમામ પ્રકારની માહિતી આપવામાં આવી છે. આ યોજના સાથે જોડાયેલી તમામ વિગતો તેના પર આપવામાં આવી છે. આ પોર્ટલ પર દર્શાવવામાં આવ્યુ છે કે ક્યાં ખેડુતોને યોજનાના લાભ મળશે અને ક્યાંને નહીં. ક્યાં ખેડુતો યોજનાની હદમાં આવી શકશે. આમાં જુદી જુદી એજન્સીઓની ભૂમિકાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે ખેડુતોના ખાતામાં સહાયતાની રકમ માટેનો પ્રથમ હપ્તો ૩૧મી માર્ચ સુધી પહોંચી જાય. જેથી રાજ્યોને કહેવામાં આવ્યુ છે કે તેઓ લાભાર્થીઓની યાદી આ પોર્ટલ પર ૨૫મી ફેબ્રુઆરી સુધી અપલોડ કરી દેવામાં આવે. જો રાજ્યો ૨૫મી ફેબ્રુઆરી સુધી લાભાર્થીઓની યાદી પોર્ટલ પર મુકી દેશે તો ખેડુતો અહીં તેમના નામને જોઈ શકશે. તેમને યોજનાના લાભ મળી શકશે કે કેમ તે અંગે માહિતી મળી શકશે. એક અધિકારીએ કહ્યુ છે કે તેમની પાસે યોજનાના પાત્ર ખેડુતો માટે તેમના ખાતામાં બે બે હજાર રૂપિયા જમા કરવા માટે ૩૧મી માર્ચ સુધીનો સમય છે. પરંતુ અમે પૈસા ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા ૨૮મી ફેબ્રુઆરીના દિવસથી જ શરૂ કરવામાં આવનાર છે. ચૂંટણી માટેની આચારસંહિતા લાગુ કરવામાં આવે તે પહેલા આ રકમ જમા કરવાની યોજના છે. સરકારે આ યોજનાને પહેલી ડિસેમ્બર ૨૦૧૮થી અમલી કરવાની જાહેરાત કરી છે. જેથી પ્રથમ હપ્તાની રકમ ૩૧મી માર્ચ પહેલા જમા કરી દેવામાં આવનાર છે. પીએમ કિસાન પોર્ટલના કારણે તમામ ખેડુતોને સીધો ફાયદો થનાર છે.

# વધુ ત્રણ બેંકોને ટુંક સમયમાં જ મર્જ કરવા માટેની તૈયારી

## પંજાબ નેશનલ બેંક, ઓરિયન્ટલ બેંક ઓફ કોમર્સ તેમજ પંજાબ એન્ડ સિંધ બેંકને મર્જ કરવા માટેની તમામ તૈયારી

નવી દિલ્હી,તા. ૮

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડામાં અન્ય બેંકોના મર્જરની પ્રક્રિયા બાદ હવે સરકાર અન્ય ત્રણ બેંકોના મર્જરને લઈને પણ તૈયારીમાં છે. ટુંક સમયમાં જ ત્રણ અન્ય બેંકોનુ વિલિનિકરણ કરવામાં આવનાર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કેન્દ્ર સરકાર પંજાબ નેશનલ બેંક ઓરિયન્ટલ બેંક ઓફ કોમરસ્ તેમજ પંજાબ નેશનલ બેંકને વિલિન કરવાની ઈચ્છા ધરાવે છે. જો કે આ સંબંધમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી સ્વદેશ પરત ફર્યા બાદ અંતિમ નિર્ણય કરવામાં આવશે. એવો અંદાજ છે કે આ ત્રણ બેંકોના મર્જ થવાના કારણે નવા બેંકની કુલ જમા રકમનો આંકડો ૧૬.૫ લાખ કરોડ રૂપિયાની આસપાસ પહોંચી જશે. જેમાં ડિપોઝિટ ૯.૬ લાખ કરોડ રૂપિયા અને લોન સાત કરોડ કરોડનો સમાવેશ થાય છે. પાંચ સહાયક બેંકો અને ભારતીય મહિલા બેંકને હાલમાં એસબીઆઈ અને બેંક ઓફ બરોડામાં મર્જ કરવાની પ્રક્રિયા યોજાઈ ચુકી છે. બેક ઓફ બરોડા, વિજયા બેંક અને દેના બેંકને મર્જ કરવામાં આવી ચુકી છે. આને મોટી સફળતા તરીકે જોવામાં આવે છે. હવે આરબીઆઈને વિશ્વાસ છે કે ત્રણ બેંકોના મર્જરને પણ મોટી સફળતા હાથ લાગશે. આ ત્રણેય બેંકો હાલમાં કેટલીક સમસ્યાનો સામનો કરી રહી છે ત્યારે આગામી દિવસોમાં કેટલી નવી સમસ્યા ઉભી થઈ શકે છે. સુત્રોનુ કહેવુ છે કે જ્યાં સુધી આ બેંકો વસુલીને લઈને યોગ્ય રસ્તા પર આવતા નથી ત્યાં સુધી સરકાર કોઈ પણ નિર્ણયને લઈને રાહ જોશે. એમ માનવામાં આવે છે કે આ ત્રણેય બેંકોના ગ્રાહકોને નવી બેંકમાં પોતાના ખાતા નવેસરથી ખોલવાના રહેશે. આના કારણે પેપર વર્કની કામગીરી વધારે મુશ્કેલરૂપ બની જશે.




# આજે સીબીઆઇ શિલોંગમાં કોલકત્તાના કમિશ્નરની પૂછપરછ કરશે

શિલોંગ,તા.૮

કોલકાતા પોલીસ કમિશ્નર રાજીવ કુમારની સીબીઆઈએ ૯ ફેબ્રુઆરી શિલોંગમાં કરોડો રુપિયાના શારદા ચીટ ફંડ ગોટાલા અંગે પુછપરછ કરશે. આ માહિતી અધિકારીઓએ આપી હતી. બે દિવસ પહેલા સુપ્રીમ કોર્ટ દ્વારા તેમને તપાસ એજન્સીને સહયોગ કરવા માટેનો નિર્દેશ આપ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, સીબીઆઈ ૧૯૮૯ બેંચના આઈપીએસ અધિકારી કુમારની પુછપરછ એટલા માટે કરવા માંગે છે કારણ કે શારદા અને અન્ય પોંજી ગોટાળા મુદ્દે તપાસ માટે રચાયેલી સીટના પ્રમુખ હતા.

રાજીવ કુમાર સહિત અનેક હાઈપ્રોફાઈલ શંકાસ્પદની પુછપરછ દરમિયાન વધારે શ્રમબળ પુરુ પાડવા માટે સીબીઆઈએ દિલ્હી, ભોપાલ, લખનઉ એકમનાં ૧૦ અધિકારીઓને ૨૦ ફેબ્રુઆરીએ કોલકાતા ખાતે મોકલ્યા હતા.

# તમિલનાડુમાં આઈટીએ ૪૩૩ કરોડનું બિનહિસાબી નાણુ ઝડપી પાડ્યુ

## સરવન સ્ટોર્સ બ્રહ્માંડામઇ અને રિયલ્ટી ફર્મ્સ લોટ્સ ગ્રુપ પર છેલ્લા અઠવાડિયાથી રેડ ચાલુ હતી : ૨૫ કરોડની રોકડ, ૧૨ કિલો સોનું અને ૬૨૬ કેરટ્સના હીરાનો સમાવેશ થાય, આઇટીએ ૭૨ જગ્યાએ રેડ પાડી હતી

ચેન્નાઈ,તા.૮

ચેન્નાઈ અને કોઈમ્બરતુર સ્થિત સરવન સ્ટોર્સ 'બ્રહ્માંડામઈ' અને રિયલ્ટી ફર્મ્સ લોટસ ગ્રુપ અને જીસ્કેવર પર છેલ્લા અઠવાડિયાથી રેડ કરી રહેલા ઈક્મ ટેકસના અધિકારીઓને હજારો કરોડ રૂપિયાનું બિનહિસાબી નાણું, ડોક્યુમેન્ટ્સ, સોનું અને ડાયમંડની ભાળ મેળવવા આખરે કેટલાક કબ્રસ્તાનને ખોદવાની ફરજ પડી હતી. રેડ દરમિયાન ત્રણ બિઝનેસ એસ્ટાબ્લિશમેન્ટમાંથી ૪૩૩ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક મળી આવી છે. તેમાં ૨૫ કરોડની રોકડ, ૧૨ કિલો સોનું અને ૬૨૬ કેરટ્સના

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225